ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૩-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### 'પ્રોટોકોલ' માણસાઈથી ઉફરો ન જ હોઈ શકે

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સામે ચાલીને પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને 'ભારત રત્ન' અર્પણ કરી આવશે, તે ઘટના ભારતીય લોકશાહીના ઈતિહાસમાં 'અભૂતપૂર્વ' લેખાશે. રાજકીય ક્ષેત્રે આપણે જ ચૂંટી કાઢેલા નેતાઓ પદપ્રાપ્તિ થતાંની સાથે આપણાથી અંતર રાખતા થઈ જાય છે ત્યારે આવો પ્રોટોકોલ આપણને ખૂંચતો હોય છે, બલકે એ ખૂંચે તે સ્વાભાવિક પણ છે. એથી લોકપ્રિય નેતાઓ અવારનવાર આવા પ્રોટોકોલને તોડીને લાઈમલાઈટમાં રહેતા હોય છે. પંડિત નહેરુ મંચ પરથી કૂદકો મારીને મેદની વચ્ચે પહોંચી જતા, એ જ રીતે આજના નેતાઓ પણ ચૂંટણીની રેલીઓ દરમિયાન આવાં ગતકડાં કાઢતાં રહે છે. ઓબામા જેવા અતિવિશિષ્ટ મહેમાનનું સ્વાગત કરવા આપણા વડાપ્રધાન પ્રોટોકોલનો ભંગ કરીને એરપોર્ટ પહોંચી ગયા હતા એમ આપણા વડાપ્રધાનને આવકારવા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન પણ એરપોર્ટ પર આવ્યા હતા. દાદાસાહેબ ફાળકે એવોર્ડ સ્વીકારવા આવેલા દંતકથારૂપ અભિનેતા રાજકપૂરને સીરી ફોર્ટ સભાગારની બેઠક પરથી ઊભાં થતાં ચક્કર આવી ગયેલાં ત્યારે તત્કાલીન રાષ્ટ્રપતિએ મંચ પરથી નીચે ઊતરીને એમને એવોર્ડ અર્પણ કરેલો. સુરતના સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને રાજયનો ગૌરવપુરસ્કાર એમને ઘરે જઈને અર્પણ કરાયો હતો. અટલબિહારી વાજપેયીને 'ભારત રત્ન'નું સર્વોચ્ચ સન્માન અપાયું ત્યારે જ આપણાં રાષ્ટ્રીય નેતાઓને ખબર હતી કે વયોવૃદ્ધ પૂર્વ વડાપ્રધાન એમની શારીરિક તેમ જ માનસિક અક્ષમતાને કારણે એ સ્વીકારવા રાષ્ટ્રપતિ ભવન સુધી આવી શકશે નહીં. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી માટે પ્રોટોકોલનો અપવાદ કરી વાજપેયીજીને એમના નિવાસસ્થાને પહોંચી જઈ સમ્માનિત કરવા એ યાદગાર સંભારણું બની રહેશે. સામાન્ય રીતે રાષ્ટ્રપતિ કેન્દ્રીય મંત્રીમંડળની સલાહ મુજબ વર્તતા હોય છે. પરંતુ પ્રોટોકોલ ભંગ કરીને કોઈ રાજકીય પાર્ટીના અગ્રણી - પછી એ માજી વડાપ્રધાન હોય તો પણ - ના સન્માન માટે સામે ચાલીને જવાની એ ના પણ ભણી શક્યા હોત. વાજપેયીને મળવાપાત્ર 'ભારત રત્ન' એમના પ્રતિનિધિ તરીકે લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતા અથવા પરિવારજનો પૈકી કોઈ સ્વીકારી શક્યું હોત. પરંતુ એથી રાષ્ટ્રપતિ અને કેન્દ્ર સરકાર જ વગોવાયાં હોત. આવા વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા કે જેમને ભારતીય લોકશાહી એક સીમાચિહ્ન તરીકે સ્વીકારે છે, એમને એમના ઘર-આંગણે પહોંચી 'ભારત રત્ન' અર્પણ કરવાનો નિર્ણય વાજબી જ ગણાશે. વાજપેયીની શારીરિત તેમજ માનસિક હાલત કદાચ એ હદે ખરાબ છે કે કેમ તે પ્રશ્ન છે. તેઓ સ્મૃતિભ્રંશની બીમારીથી પીડાતા હોઈ ખુદ રાષ્ટ્રપતિનું નામ ભૂલી ગયા હોય એમ પણ બને. પરંતુ કયારેક ભારતીય સંસદમાં અટલ બિહારી વાજપેયી અને પ્રણવ મુખર્જી - બેઉ સામસામી પાટલીઓ પર બેસતા હોવા છતાં એકમેક પ્રત્યે ઊંડો આદરભાવ ધરાવતા હતા, તે કેમ ભુલાય! વળી, વાજપેયીને એમની હયાતીમાં આ સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન અપાવવામાં નિમિત્તરૂપ બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જેમને ૨૦૦૨નાં રમખાણો પછી 'રાજધર્મ' બજાવવામાં ઊણા ઊતરવા બદલ તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પદ પરથી હટાવી દેવાની પેરવી કરી હતી. અડવાણીએ ઢાલ બનીને મોદીની ખુરશી બચાવી લીધી હતી. જો વાજપેયીનું મગજ આંશિક રીતે પણ સક્રિય હશે તો નરેન્દ્ર મોદીને જોઈને જરૂર એમની આંખો ઊભરાઈ જશે. પ્રોટોકોલ તોડીન રાષ્ટ્રનાયકનું સન્માન કરનાર રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી માટે પણ એમનાં જીવનનું આ સોનેરી સંભારણું બની રહેશે.

# કન્યાકુમારી ખાતે નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં ગાંધીનગરના કલાકારોનો દબદબો

## ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ભાગ લઈ ગાંધીનગર જી ઈ ક્લબના કલાકારોએ નૃત્ય, નાટ્યની મનોહર કૃતિઓ પ્રસ્તુત કરી પ્રેક્ષકોનાં દિલ જીત્યાં

ગાંધીનગર, ૨૬

નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા કન્યાકુમારી ખાતે આયોજિત નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ અને ફોક ડાન્સ ફેસ્ટીવલમાં નગરની જાણીતી સંસ્થા જી ઈ ક્લબના કલાકારોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શહેર અને રાજ્યનું નામ રોશન કર્યું છે.

કન્યાકુમારીમાં સ્થિત વિવેકાનંદ સ્મારક ખાતે આયોજિત આ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, કેરાલા, કર્ણાટક, તેલંગણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, પોંડીચેરી અને તામિલનાડુના ૨૫૦થી વધુ યુવાઓએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ જી ઈ ક્લબના કલકારો સાગર દેસાઈ, સંકેત પ્રજાપતિ, રોનક સુતરીયા, ધ્રુવ પટેલ, ખુશાલ બલદાણીયા, પાર્થ બારોટ, પાર્થ જોષી, પ્રેમજી પણડા, લક્ષ્મી જોષી, પૂજા શાહ, ચાર્મી હરડે, રશ્મિ પરમાર અને દિપલ પરમારે સંસ્થાના ડિરેક્ટર કશ્યપ નિમાવતના નેતૃત્વમાં કર્યું હતું.

આ જ કલાકારોએ કન્યાકુમારી ખાતે આયોજિત ફોક ડાન્સ ફેસ્ટીવલમાં પણ ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની મનોહર રજૂઆત કરી હતી. ગણેશ વંદના, રાસ, મિશ્ર રાસ, દેશભક્તિ વિષયક સંગીત નાટક પ્રદર્શિત કરી ભરપૂર સરાહના પ્રાપ્ત કરી હતી.

કેમ્પના સમાપન સમારોહમાં સ્થાનિક કલેક્ટરને ગુજરાતી સાફો પણ પહેરાવવામાં આવ્યો હતો. કલેક્ટરના હસ્તે કલાકારોને સર્ટીફિકેટ અને સ્મૃતિ ચિન્હ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કન્યાકુમારી યુથ કો-ઓર્ડીનેટર સેંથીલકુમાર અને ઝોનલ ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

કહ્યું હતું, જીતો તો જ ફટાકડા ખરીદવા જાજો.. હવે, સાચવીને મૂકી દે...દિવાળીએ નવી નથી લેવાના...!

## શનિવારે સેક્ટર-૧૪માં રાત્રે માતા વૈષ્ણોદેવીના જાગરણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સે. ૧૪માં ચૈત્રી નવરાત્રીની આઠમના દિવસ તા. ૨૮મી માર્ચ શનિવારે વૈષ્ણોદેવી માતાજીના ભજનો અને જાગરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ રાજ મહેતા એન્ડ પાર્ટી દ્વારા સંગીતમય ભજન સંધ્યા પ્રસ્તુત કરાશે. આ ભજન સંધ્યા રાત્રે ૯ વાગ્યાથી આરંભાશે જે સવારના ૫ વાગ્યા સુધી ચાલશે.

સે. ૧૪માં મહાત્મા મંદિર નજીક આવેલ પ્લોટ નં. ૨૫/૧ ખાતે ગુમા પરિવાર દ્વારા માતા વૈષ્ણોદેવીના 'જગરાતા'નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં માતાજીના ભજનો, સ્તુતિ, ગીતો વગેરે સાથે માતાની ઝાંખી પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત ચૈત્રી નવરાત્રી હોવાથી ગરબા પણ ગવાશે. આ ધાર્મિક કાર્યક્રમનો લ્હાવો લેવા નગરની ધર્મપ્રેમી જનતાને પરિવાર સહ પધારવા ગુમા પરિવાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આજે ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં છેલ્લુ પ્રશ્નપત્ર

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડદ્વારા લેવામાંઆવી રહેલી બોર્ડની પરીક્ષા તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. પેપરમાં છબરડાઓનાં કારણે ચર્ચામાં રહેલી વર્ષ-૨૦૧૫ની બોર્ડની પરીક્ષા આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં અતિમ પેપર સાથે પૂર્ણ થઈ જશે. આ સાથે જ છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી બોર્ડની પરીક્ષાના તણાવપૂર્ણ વાતાવરણમાંથી વિદ્યાર્થીઓને રાહત થશે. અંતિમ દિવસે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં બે વિષયની પરીક્ષા લેવામાં આવશે જેમાં સવારે ૧૦:૩૦થી ૧:૪૫ કલાક દરમિયાન વિદ્યાર્થીઓ રાજયશાસ્ત્ર વિષયની પરીક્ષા આપશે. જ્યારે બપોરે ૩:૦૦થી ૬:૧૫ કલાક દરમિયાન સમાજશાસ્ત્રની પરીક્ષા લેવામાં આવશે સાથે જ શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ ધોરણ-૧૨વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષામાં પણ આવતીકાલે અંતિમ પેપર લેવામાં આવશે જેમાં કૃષિ જુથ-એમાં ડેરી વ્યવસ્થા, વાણિજય જુથ-સીમાં પત્રવ્યવહાર અને મુદ્દાલેખન, ગૃહવિજ્ઞાન જૂથ-એચમાં સોશિયલ સ્કીલ તેમજ તાંત્રિક જૂથ-ટીમાં રૂરલ એન્જિનિયરિંગ ટેકનોલોજી વિષયની પરીક્ષા લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષા અગાઉજ પૂર્ણ થઈ ચુકી છે ત્યારે આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા પણ પૂર્ણ થઈ રહી છે.

## એલડી એન્જિ. કોલેજ ખાતે સેન્ટ્રલ ટેકફેસ્ટનું આયોજન

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદમાં આવેલ એલ.ડી.એન્જિન્યરીંગ કોલેજ ખાતે આવતીકાલથી સેન્ટ્રલ ટેક ફેસ્ટનો પ્રારંભ થશે. જેમાં કુલ ૪૦ ટેકનિકલ ઈવેન્ટ અને ૬ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને કુલ પાંચ લાખ રૂપિયાના ઈનામો એનાયત કરવામાં આવશે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા દર વર્ષ પોતાના પાંચ અલગ અલગ ઝોનમાં ટેક ફેસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ ટેક ફાસ્ટનો ઉદ્દેશ્ય જીટીયુ સલગ્ન વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નવા સંશોધનો માટે પ્રોત્સાહીત કરીને તેમનાં સંશોધનોને પ્રદર્શીત કરવા માટે એક મંચ પુરુ પાડવાનો છે ત્યારે જીટીયુના સેન્ટ્રલ ઝોનમાં ટેકફાસ્ટનો પ્રારંભ આવતીકાલથી અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલ એલ.ડી એન્જિન્યરીંગ કોલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. આ સેન્ટ્રલ ટેકફેસ્ટ આવતીકાલે અને શનિવારે એમ બે દિવસ સુધા ચાલશે જેમાં જીટીયુ સલગ્ન ૪૦ કોલેજોનાં વિદ્યાર્થીઓ ભાગ લેશે આ સેન્ટ્ર ટેક ફોસ્ટમાં કુલ ૪૦ ટેકનિકલ ઈવેન્ટસનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ ટેક ફેસ્ટ દરમિયાન ૬ વર્કશોપ પણ યોજાશે.

## શિવરંજનીનો દિલને ફિર યાદ કિયા કાર્યક્રમ

ગાંધીનગરની 'શિવરંજની' સંસ્થા દ્વારા સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો ખજાનો 'દિલને ફિર યાદ કિયા' કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૨૮ માર્ચ, શનિવાર રાત્રે ૯.૩૦ વાગે ટાઉનહોલ, ગાંધીનગરમાં હિન્દી ફિલ્મોના ગીતો માણવામાં આવશે. સંસ્થાના વર્ષના અંતિમ કાર્યક્રમ દિલને ફિર યાદ કિયામાં જાણીતા કલાકારો, સલીમ મલીક, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર, પ્રિયંકા બાસુ અને ચિરાગ દેસાઈ સૂર રેલાનવશે.

# હેમંત-કિશોરનું કલાસિક કોમ્બિનેશન... છૂકર મેરે મનકો કિયા તુને કયા ઇશારા...

## મેરે સપનોંકી રાની કબ આયેગી તું... 'કલા ગુર્જરી'ના સુપર-ડુપર કાર્યક્રમમાં હેમંતકુમાર અને કિશોરકુમારના સદાબહાર ગીતોની ધમાલ પ્રસ્તુતીમાં વર્સેટાઈલ ડબલ વૉઈસ સિંગર સુરોજીત ગુહાની સાથે આનલ વસાવડાએ ઑડિયન્સને લાઈવ રાખ્યું... તુષાર જોષીના વૈવિધ્યસભર રસદર્શનમાં શ્રોતાઓ ખુશખુશાલ... સાઉન્ડ ટ્રેક સંગીતમાં સિંગરો સુપરહિટ

ઉઘડતે પડદે
સંજય થોરાત
hellogandhinagar@gmail.com

હેમંતકુમાર (હેમંતા મુખર્જી) જન્મ વારાણસી પણ મૂળ તો બંગાળી, હિન્દી ફિલ્મ સંગીતના બે દસકા રાજ કર્યું, એમનો અવાજ આજેય અમર છે. એમનું સંગીત અને ધૂનનું માધુર્ય અકબંધ છે... કિશોરકુમાર (આભાસકુમાર ગાંગુલી) જન્મ મધ્યપ્રદેશના ખંડવામાં, પણ આ કલાકાર પણ બંગાળી, હિન્દી ફિલ્મ ગાયનક્ષેત્રે નવો ટ્રેન્ડ સેટ કરવામાં માહિર, મશહુર કોમેડિયન, નિર્માતા-નિર્દેશક - રાઈટર. એમનાં ગીતો આજે પણ એટલાં જ તરોતાજા, ઉછળકુદથી ભરપૂર એનર્જેટીક... બંને કલાકારો એમના પોતાના આજને લીધે હિન્દી ફિલ્મોમાં સુવર્ણ અક્ષરે એમનું નામ લખાવી ગયાં.... 'કલા ગુર્જરી' સંસ્થાએ આ બંને જણના સદાબહાર ગીતોનો સુપરડુપર કાર્યક્રમ કર્યો...

વર્લ્ડકપની ફાઈનલ મેચની છેલ્લી ઓવરનો જે રોમાંચ હોય, એવું જ આજના કાર્યક્રમનું છે. ૧૯૪૪ની 'ઈરાદા' ફિલ્મમાં અમરનાથનું સંગીત અને અઝીઝ કાશ્મીરીના શબ્દો હતા અને હેમંતદાનો કંઠ, એ એમનું પ્રથમ હિન્દી ફિલ્મી ગીત જેવી માહિતી સાથે રસદર્શનની ગાદી પરથી તુષાર જોષીએ કાર્યક્રમ વહેતો મુક્યો... ૧૯૫૨માં આવેલી જાલ ફિલ્મનું ગીત એસ.ડી. બર્મનનું સંગીત અને સાહિર લુધીયાનવીની રચના 'યે રાત યે ચાંદની ફીર કહાં, સૂન જા દિલકી દાસ્તાં' સાથે હેમંતકુમારના અવાજનો ડી.એન.એ. ધરાવતાં સુરોજીત ગુહાએ જોરદાર શરૂઆત કરાવી. 'બીસ સાલ બાદ' ના ગીત 'જરા નજરોં સે કહે દો જી નિશાના ચૂક ના જાયે' સંગીત પણ હેમંતકુમારનું જ એટલી જ મસ્તાની રજૂઆત. આ કલાકાર હજી ગયા મેં મહિનામાં જ આવ્યાં હતા, તોય એનું આકર્ષણ અંકબંધ રહ્યું...

ગુરુદત્તે છ પાનાની 'પ્યાસી'ની સ્ટોરી બનાવી અને એનો નાયક વિજય ચિત્રકાર હતો. સાહિર લુધીયાનવીએ એના સુંદર ગીતો લખ્યાં એટલે નાયકને કવિ બનાવી દીધો... 'પ્યાસા'નું 'જાને વો કૈસે લોંગ થે જીન કે પ્યાર કો પ્યાર મિલા, હમને તો જબ કલિયા માંગી કાંટો કા હાર મિલા...' વાહ મસ્ત રજૂઆત... 'સાહબ, બીબી ઔર ગુલામ'માં પહેલાં એસ.ડી. બર્મન આને સાહિર હતાં અને પછી હેમંત - શકીલ આવ્યાં, એનું ગીતા દત્તનું ગીત 'ન જાઓ સૈયા, ચુરા કે બૈયાં, કસમ તુમ્હારી મેં રો પડુગીં' આનલ વસાવડાએ એકદમ અસ્સલ લહેકામાં ગાયું...

'બાદશાહ' ફિલ્મનું સંગીત શંકર જયકિશને આપેલું, અને એમણે ૧૮૩ ફિલ્મોમાં સંગીત આપેલું એનું 'આ નીલે ગગન તલે પ્યાર હમ કરેં, હિલમીલ કે પ્યાર કા ઈકરાર હમ કરેં' લતા - હેમંતનું ગીત ગોલ્ડર યેરાની યાદ અપાવી ગયું... 'એક ઝલક' હેમંત-ગીતા દત્તનું 'આજા જરા મેરે દિલ કે સહારે દિલરૂબા... અરે જા જા દેખલી મૈંને તેરી શેખી, ના સતા જા જા' બંને ગાયકો મસ્ત અલ્લડપણું કરાવી ગીતની મજા કરાવી... ૧૯૬૬ની 'અનુપમા' ફિલ્મ જેમાં ધર્મેન્દ્ર -શર્મિલા ટાગોર હતા એનું ગીત 'આ દિલ કી સૂનો દુનિયાવાલો, યા મુજ કો અભી ચૂપ રહેને દો, મૈં ગમકો ખુશી કૈસે કેહદુ, જો કહેતે હૈ ઉનકો કહેને દો...'

હેમંતકુમારના ગીતોના નશામાં કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રમુખ એન.પી.. પટેલે કર્યું, મહેન્દ્ર ત્રિવેદીએ મજા પમાડે એવાં કાર્યક્રમ આપીશું. સૂર-સંગીતની યાદગાર યાત્રા કરાવીશું, અમે તમારાં મારે કાર્યક્રમ ઘડવા ઘણું હોમવર્ક કરીએ છીએ તો સભ્ય સખ્યા વધારવા એમ્બેસેડર બનજો, જયરાજસિંહે કલાકારની સાદાઈ સાથેનો શેર જેવી બાતો શરૂઆતના ફકરામાં કહેવાની જ રહી ગઈ... 'અનુપમા' ફિલ્મનું અન્ય ગીત જે લતા મંગેલશકરનું ફેવરીટ છે. જેનું સંગીત હેંમતકુમારનું હતું. 'કુછ દિલને કહાં, કુછ ભી નહીં, ઐસે ભી બાતે હોંતી હૈ, કુછ દિલને સૂના, કુછભી નહીં...' 'અનારકલી'નું એ જમાનામાં સૌથી વધુ પૈસા લેતા સંગીતકાર સી. રામચંદ્ર - રાજેન્દ્ર ક્રિશ્નની રચના 'જાગે દર્દ ઈશ્ક જાગ, દિલ કો બેકરાર કર, છેડ દે આંસુ રાગ' બિલકુલ શ્રોતાઓને ડોલાવી ગયું... નૌશાદ - શકીલ બદાયુની 'શબાબ' ફિલ્મનું 'ચંદન કા પલના રેશમ કી ડોરી, ઝુલા ઝુલાઉ નિંદીયા કો તોરી' બંને ગીતો સરસ રહ્યાં...

હેમંતકુમારની સુપરહીટ ફિલ્મ કોહરાનું 'ઝુમ ઝુમ ઢલતી રાત, લે કે ચલે મુઝે અપને સાથ'... સુરોજીત ગુહા બંગાળી ગાયક છે, પણ એમણે ગુજરાતી ગીત પણ પુરી તૈયારી સાથે ગાઈ બતાવ્યું, 'તમારા અહીં આજ પગલા થવાના, ચમનમાં બધાને ખબર થઈ ગઈ છે...' અને પછી તો હેમંતદાના ગીતોની એક મેડલી રજૂ થઈ... હલ કે હલકે ચલો સાંવરે પ્યાર કી મસ્ત હવાઓં મેં - સાંવલે સલોને આયેં દિન બહાર કે, ઝુમતી નજારે ઝૂંમે રંગ ડારકે, નદી કિનારે, કોયલ પૂકારે, આયા જમાના ગાઓં ગીત પ્યાર કે - તુમસે દૂર ચલે, હમ મજબુર ચલે...

હેમંતકુમારનું બંગાળી ગીત 'ભાલો કોથાય તુમ્હાર દેશ' અને એ જ ગીત હિન્દી ફીલ્મ કોહરામાં લતાના અવાજમાં 'ઓ બેકરાર દિલ, હો ચૂકાહૈ મુજ કો આંસુઓએ પ્યાર, મુઝે તુ ખુશી ના દે, નઈ જિંદગીના દે' બહુ જ જોરદાર રજૂઆત રહી... 'બિલ સાલ બાદ'નું બેકરાર કરકે હમેં યું ના જોઈએ, આપકો હમારી કસમ લૌટ આઈયે.' આ ગીત જો આંખો બંધ કરીને સાંભળીએ તો એમ જ લાગે હેમંતકુમાર સ્ટેજ પર હાજર છે.. એસ.ડી. બર્મને ૧૭૧ ફિલ્મોમાં સંગીત આપ્યું અને એમાં શૈલેન્દ્રએ ૧૧ ફિલ્મોમાં સાથે કામ કર્યું એમાં ગાઈડ એ એવોર્ડ વિનર ફિલ્મ બની. એનું 'કાંટો સે ખીંચ કે યે આંચલ, તોડકે બંધન બાંધે પાયલ... આજ ફિર જીનેકી તમન્ના હૈ, આજ ફિર મરને કાં ઈરાદા હૈ...' 'આરપાર' નું ગીતાદત્તે ગાયેલું, 'યેલો મૈં હારી પિયા, હુઈ તેરી જીત રે, કાહેકા ઝઘડા બાલમ, નઈ નઈ પ્રિત રે...' વાહ, તાળીઓ સાથે સન્માન...

કલાગુર્જરીના કાર્યક્રમનું ટાઈટલ 'મેરે સપનોંકી રાની' હતું અને કિશોર કુમારના સિંગરનું નામ પણ પ્રશ્નાર્થ ચિહ્ન હતું. કાર્યક્રમમાં ૧૭ ગીતો હેમંતકુમારના ગવાઈ ગયા, બધાને ઉત્સુકતા હતી કે કિશોર કોણ છે? ગીતો કયારે આવશે? સ્ટેજ પરથી તુષાર જોષીએ અનાઉન્સ કર્યું, આનલે ટ્રેડા વગાડ્યો અને ઓડિયન્સમાંથી ઉછળકુદ કરતો ખંડવેવાલો કિશોરકુમાર પ્રગટ થયો. અને યસ એ એજ કલાકાર સુરોજીત ગુહા ડ્રેસિંગ ચેન્જ કરીને વોઈસ ઓફ કિશોર બનીને આવ્યાં... 'મુનીમજી'નું 'જીવન કે સફર મેં રાહી, મિલતે હૈ બિછડ જાને કો, ઔર દે જાતે હૈ યાદેં તનહાઈ મેં તડપાને કો' એસ.ડી. બર્મનનું ગીત અને એના બાદ આર.ડી. નું પડોસનનું ગીત 'મેરે સામને વાલી ખીડકીમેં એક ચાંદકા ટૂકડા રહેતા હૈ...' હેમંતકુમારનો અવાજ ઉતારી કિશોરકુમારનો અવાજ ધારણ કરેલા કલાકારે કમાલ કરી બતાવી...

'આરાધના'નું ગીત 'મેરે સપનોંકી રાની કબ આયેગી તુ, આઈ રૂત મસ્તાની કબ આયેગી તું' ટાઈટલ સોંગ જોરદાર રહ્યું... લક્ષ્મી-પ્યારેના સંગીતનું 'મેરે મહેબૂબ કયામત હોગી, આજ રૂસવા તેરી ગલીઓમેં મહોબ્બત હોગી' 'સાવન કી ઘટા'નું આશા ભોંસલેનું ગાયેલું ઓ.પી. નૈયરના સંગીતની કલામ 'જરા હોલે હોલે ચલો મેરે સાજના, હમભી પીછે હૈં તુમ્હારે...' 'બાપ રે બાપ'નું કિશોર-આશા ભોંસલેનું 'પિયા, પિયા મોરા જીયા પુકારે, હમભી ચલેગેં સૈયા સંગ તુમ્હારે...' એકબાદ એક બધાં જ મસ્તીભર્યા ગીતો આવતાં રહ્યાં...

આ કાર્યક્રમમાં ત્રણ જ કલાકાર સ્ટેજ પર હતા... વોઈસ ઓફ હેમંતદા - કિશોરદા માટે સુરોજિત ગુહા, આ કલાકારે વન મેન શો કરી બતાવ્યો. એનર્જી લેવલ, રજૂઆત અને વચ્ચે કયારેક સુસંગત માહિતી, છવાઈ ગયો આ કલાકાર... આનલ વસાવડાએ લતા-આશા-ગીતા દત્ત બધાં જ ફિમેલ વોઈસ એટલાં સહજ આપી મેલ કલાકારને સજ્જડ સાથ પુરાવ્યો. આનલનું પ્રેઝન્ટેશન અને વોઈસ વેરિએશન એવું સજ્જડ કે કાર્યક્રમ લાઈવ રાખે... રસદર્શન તુષાર જોષી એટલે બંને કલાકારને શ્વાસનો અહેસાસ કરાવે... તુષાર જોષીની બે વાત ઉડીને આંખે વળગે એવી.... ગયા વર્ષે આ કલાકાર સાથે જ હેમંતકુમારનો કાર્યક્રમ કરેલો, પણ એમને એ પૈકીનો એકેય શબ્દ (લાઈન કે શેરની વાત નથી કરતો) રિપીટ ન કર્યો અને કયાંક પોતાની જાતને કલાકારો કરતાં શ્રેષ્ઠ બતાવવાનો પ્રયાસ ન કર્યો... સાઉન્ડ ટ્રેકના ધ્વનિને કંટ્રોલ કરતા ભાઈએ ખલેલ વગરનો અવાજ લહેરાતો રાખ્યો...

કિશોરના ગીતોની રજૂઆત લહેરાતી રહી. 'અમરપ્રેમ'નું ચિંગારી કોઈ ભડકે, તો સાવન ઉસે બુઝાયે...' 'યારાના'નું 'છૂકર મેંરે મનકો કિયા તૂને કયાં ઈશારા,' 'ઝૂમરું'નું મેં હું ઝુમ ઝુમ ઝૂમરું, મૈંયે પ્યાર કા ગીત સુનાતા ચલા - અને એની યુડલી... 'છોટી સી બાત'નું 'ના જાયે કયું હોતા હૈ યે જિંદગી કે સાથ, અચાનક યે મન કિસી કે જાને કે બાદ, કરે ફિર ઉસકી યાદ...' 'કટી પતંગ' આર.ડી. બર્મન - આનંદ બક્ષીનું 'યે જો મહોબ્બત હૈ, યેહ ઉનકા હૈ કામ, અરે મહેબુબ કા જો બસ લેતે હુએ નામ....' 'આશા' ફિલ્મનું 'ઈના મિના ડિકા ડાય ડામાનિકા, માકા નાકા નાકા, ચિકા, પિકા, રિકા' ગીત શ્રોતાઓ પાસે ગવરાવી ધમાલનું પરફોર્મન્સ આપ્યું... કલાગુર્જરીનો આ કાર્યક્રમ સુપરડુપર સફળ રહ્યો... મહેરબા હોકર બુલાલો, ગર ચાહો હમેં ફિર સેં, મેં ગયા વક્ત નહીં હું, જો ફિર સે નહીં મિલુંગા' ના શેર સાથે કાર્યક્રમ સંપન્ન થઈ ગયો...